# જિલ્લા રમતગમત અધિકારી કચેરી સુરત ગ્રામ્ય

જુની સિવિલ કોર્ટ બિલ્ડીંગ, પહેલો માળ, બહુમાળી ભવન, નાનપુરા,સુરત-૩૯૫૦૦૧.
E-mail :- dsosuratrural36@gmail.com
Tel.Phone :- ૦૨૬૧-૨૪૬૫૮૦૮
DSO MO.-9898279449

તા.૧૯/૧૧/૨૦૧૮

ક્રમાંક/જરગઅં/રા.વોલીબોલ/૨૦૧૮-૧૯/૬૬૨૮ થી ૮૭

પ્રતિ,
જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા રમતગમત અધિકારીશ્રી
ગુજરાત રાજ્ય, તમામ

વિષય– ખેલ મહાકુંભ-૨૦૧૮ રાજ્યકક્ષાની વોલીબોલ (બહેનો) તમામ વયજુથ સ્પર્ધા કાર્યક્રમ બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોકત વિષયે જણાવવાનું કે ખેલમહાકુંભ-૨૦૧૮ અંતર્ગત રાજ્યકક્ષાની વોલીબોલ (બહેનો) તમામ વયજુથ સ્પર્ધાનું આયોજન કઠોર કેળવણી મંડળ સંચાલિત વ.દેગલિયારા હાઇસ્કુલ-કઠોર તા.કામરેજ જિ.સુરત ખાતે તા.૨૭/૧૧/૨૦૧૮ થી ૧૦/૧૨/૨૦૧૮ દરમ્યાન આયોજન થનાર છે. જે અંગેની આપના જિલ્લાની ઓનલાઇન આઇડી વાળી એન્ટ્રી **dsosuratrural36@gmail.com** ઉપર તાત્કાલિક મોકલી ટીમોને જાણ કરવા વિનંતી

## :: વોલીબોલ બહેનો સ્પર્ધાનો કાર્યક્રમ ::

સ્પર્ધા/ રીપોર્ટીંગ :- શ્રી વ.દે.ગલિયારા હાઇસ્કુલ-કઠોર તા.કામરેજ જી.સુરત

સંપર્ક નંબર:- કું.રાધિકાબેન એચ. લાઠિયા(પ્રાત યુવા વિકાસ અધિકારી)- ૯૫૭૪૬૭૮૪૦૧,
શ્રી વિષ્ણુભાઇ ચૌધરી(પ્રાત યુવા વિકાસ અધિકારી)- ૮૧૬૦૯૯૩૬૦૬
શ્રી ઇશ્વરભાઇ પટેલ-૯૪૨૭૬૩૬૭૧૨, શ્રી ઉપેન્દ્રભાઇ પટેલ- ૯૮૨૪૧૪૭૪૪૪
શ્રી જીવાભાઇ રાઠોડ (વ્યાયમ શિક્ષક)-૯૬૮૭૭૯૫૦૬૩

### ::વોલીબોલ બહેનો ::

| ક્રમ | વયજુથ | રિપોર્ટીંગ તારીખ | રિપોર્ટીંગ સમય | સ્પર્ધા તારીખ | સ્પર્ધા સમય |
|---|---|---|---|---|---|
| ૧ | અં-૧૭ પસંદગી | ૨૭/૧૧/૨૦૧૮ | સાંજે ૫:૦૦ કલાકે | ૨૮/૧૧/૨૦૧૮ | સવારે ૮:૦૦ કલાકે |
| ૨ | અં-૧૭ વિજેતા | ૨૯/૧૧/૨૦૧૮ | સાંજે ૫:૦૦ કલાકે | ૩૦/૧૧/૨૦૧૮ | સવારે ૮:૦૦ કલાકે |
| ૩ | અં-૧૪ પસંદગી | ૦૨/૧૨/૨૦૧૮ | સાંજે ૫:૦૦ કલાકે | ૦૩/૧૨/૨૦૧૮ | સવારે ૮:૦૦ કલાકે |
| ૪ | અં-૧૪ વિજેતા | ૦૪/૧૨/૨૦૧૮ | સાંજે ૫:૦૦ કલાકે | ૦૫/૧૨/૨૦૧૮ | સવારે ૮:૦૦ કલાકે |
| ૫ | ઓપન એજ ગૃપ | ૦૭/૧૨/૨૦૧૮ | સાંજે ૫:૦૦ કલાકે | ૦૮/૧૨/૨૦૧૮ | સવારે ૮:૦૦ કલાકે |
| ૬ | શિક્ષકગૃપ | ૦૯/૧૨/૨૦૧૮ | સાંજે ૫:૦૦ કલાકે | ૧૦/૧૨/૨૦૧૮ | સવારે ૮:૦૦ કલાકે |

(જે ટીમનું રીપોર્ટીંગ જે દિવસ માટે જણાવેલ હોય તે દિવસે જ કરવાનું રહેશે.)

Scanned by CamScanner

**સ્પર્ધા અંગેની જરૂરી સુચના:-**

- SGFI ના નિયમ મુજબ અં-૧૪,૧૭ ગૃપના ખેલાડીઓએ ફરજિયાત ૨૦ કોલમ સાથેનું એલેજીબીટી ફોર્મ જિલ્લા રમતગમત અધિકારીશ્રીના સહિ/સિક્કા સાથેનું લાવાનું રહેશે. એક નકલમાં
- ઓપન એજ ગૃપમાં ખેમહાકુંભ એલીજીબીટી ફોર્મ સહિ/સિક્કા સાથે લાવાનું રહેશે.
- ટીમના દરેક ખેલાડીઓની ઓનલાઇન રજીસ્ટ્રેશનની પહોંચ ફરજીયાત સાથે લાવવી. ઓનલાઇન આ.ડી. નંબરવાળા સ્પર્ધકોને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે.
- કોચ કમ મેનજર સિવાય ખેલાડી સાથે આવનાર વાલી કે શિક્ષકને કોઇપણ જાતની વ્યવસ્થા આપવામાં આવશે નહિ, જેની ખાસ નોંધ લેવી.
- સ્પર્ધાને અનુરૂપ ગણવેશ પહેરવો ફરજીયાત રહેશે.
- સ્પર્ધા સ્થળે/નિવાસ સ્થળે કોઇપણ પ્રકારનું નુકસાન કરવામાં આવશે તો તે નુકશાનની પુરેપુરી રકમ જે તે ટીમના મેનેજરે ભરપાઇ કરવાની રહેશે. અને પ્રવાસ ભથ્થુ ચુકવવામાં આવશે નહિ.
- ટીમ સાથે કોચ કમ મેનેજર તરીકેનો એક જ વ્યક્તિએ જિલ્લા રમતગમત અધિકારીશ્રીના સહી સિક્કાવાળો ઓર્ડર લાવવાનો રહેશે.
- જે તે જિલ્લાની ટીમના કોચની ઓનલાઇન થયેલ રસીદ ફરજીયાત પણે સાથે લઇને આવવાની રહેશે. અન્યથા વિજેતા થયેલ ટીમના કોચને રોકડ પુરસ્કાર આપવામાં આવશે નહિ.
- ભોજન અને નાસ્તાના સમયે જે તે ટીમ સાથે તે ટીમના મેનેજરે જવાનું રહેશે અને શિસ્તબદ્ધ રીતે વર્તવાનુ રહેશે.
- સ્પર્ધામા હારેલ ટીમ એક કલાકમાં નિવાસ સ્થળ ખાલી કરી સ્પર્ધા સ્થળે થી જવાનું રહેશે.
- ટીમના ખેલાડીઓએ આધારકાર્ડ,જન્મતારીખનો દાખલો તથા કેન્સલ ચેક/બેન્ક પાસબુકની નકલ સાથે અવશ્ય લાવવાનું રહેશે.
- બહેનોની ટીમ સાથે કોચ કમ મેનેજર (મહિલા મેનેજર) એક જ વ્યક્તિએ જિલ્લા રમતગમત અધિકારીશ્રીના સહી સિક્કાવાળો ઓર્ડર લાવવો

<u>ખાસ સુચના</u> – (૧) ઋતુ અનુસાર ઓઢવા પાથરવાનું લાવવાનું રહેશે. (૨) ઉપલબ્ધ મહતમ સાધન,મેદાન અને નિવાસ વ્યવસ્થાનો ઉપયોગ કરવામાં આવશે અન્ય નવી કોઇ વ્યવસ્થા ઊભી કરવામાં આવશે નહિ. (૩) સરકારશ્રીના નિયમ અનુસાર ટૂંકામાં ટૂંકા અંતરેથી મુસાફરી કરવાની રહેશે અને એસ.ટી ની સાદી / એક્સપ્રેસ બસનું ભાડું ચૂકવવામાં આવશે.. ટીકીટ ફરજિયાત રજુ કરવાની રહેશે. (૪) નિવાસ સ્થળે ડીપોઝીટ ચૂકવવાની રહેશે નુકંશાન કરનાર ટીમ પાસેથી નુકશાન અંગેનું તમામ ખર્ચ વસુલ લેવામાં આવશે અને તે અંગેની જાણ તેમના જિલ્લાના ડી.ઇ.ઓ.શ્રીને કરવામાં આવશે અને તે સંસ્થાની ટીમને ડીસક્વોલી ફાઇડ કરવામાં આવશે. પ્રવાસ ખર્ચ ચૂકવવામાં આવશે નહિં. આ અંગેની સંપૂર્ણ જવાબદારી ટીમ મેનેજરશ્રીની રહેશે. (૫) કિમંતી ચીજ વસ્તુની જવાબદારી જે તે ખેલાડીની રહેશે. રૂમ માટે તાળુ ચાવી સાથે લાવવા વિનંતી. (૬) સ્પર્ધા સ્થળે શીસ્ત બધ્ધ રીતે વર્તવાનું રહેશે.

નોંધ :- સ્પર્ધા સ્થળે / નિવાસ સ્થળે / સ્પર્ધા દરમ્યાન કોઇ પણ પ્રકારનો અકસ્માત કે અન્ય કોઇ પણ પ્રકાર ની કુદરતી ઘટના બનશે તો આ માટે આયોજકશ્રીઓ કે આયોજક સંસ્થા કોઇ રીતે જવાબદાર રહેશે નહિ.

આપનો વિશ્વાસુ

V.T.Patel

વિરલ ટી. પટેલ
જિલ્લા રમતગમત અધિકારી
સુરત ગ્રામ્ય

Scanned by CamScanner

**સવિનય નકલ રવાના –**

(૧) માન.સચિવશ્રી રમતગમત યુવા અને સાં.પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર.
(૨) માન.કમિશ્નરશ્રી, યુ.સે.અને સાં.પ્રવૃતિઓ, ગાંધીનગર.
(૩) માન.ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
(૪) માન. કલેક્ટરશ્રી, સુરત
(૫) માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત
(૬) માન. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સુરત
(૭) માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,સુરત
(૮) માન.સચિવશ્રી, રાજય રમતગમત પરિષદ, ગાંધીનગર.
(૯) માન.નાયબ માહિતી નિયામક શ્રી. સુરત સ્પર્ધાની બહોળી પ્રસિધ્ધિ અર્થે
(૧૦) માન. સિનિયર કોચશ્રી જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર તમામ (ગુજરાત રાજય તમામ)
(૧૧) માન. નોડલ અધિકારીશ્રી, ખેલ મહાકુંભ-૨૦૧૮ રાજ્યકક્ષા વોલીબોલ સ્પર્ધા
(૧૨) મેડીકલ ઓફિસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-કઠોર ઉકત સ્પર્ધા સ્થળે ખેલાડીઓને તાત્કાલિત સારવાર માટે તબીબી ટુકડી મોકલવા યોગ્ય કાર્યવાહી અર્થે
(૧૩) પોલીસ સબ ઇસ્પેકટરશ્રી, કઠોર પોલીસ સ્ટેશન, જાણ સારૂ તથા સ્પર્ધા સ્થળે પોલીસ બંદોબસ્ત ગોઠવવા સારૂ.
(૧૪) માન. પ્રમુખ/મંત્રીશ્રી વ.દે.ગલિયારા હાઇસ્કુલ,કઠોર તા.કામરેજ જિ.સુરત
(૧૫) પ્રમુખશ્રી/મંત્રીશ્રી, જિલ્લા વ્યાયામ શિક્ષક સંઘ, સુરત ગ્રામ્ય
(૧૬) આચાર્યશ્રી વ.દે.ગલિયારા હાઇ.કઠોર સ્પર્ધાના આયોજન,મેદાન અને નિવાસ માટે જરૂરી સુવિધા (વ્યવસ્થા) પુરી પાડવા સારૂ.

Scanned by CamScanner